પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૨૯ | ૧૯ જુલાઈ, ૨૦૧૯, શુક્રવાર; અષાઢ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કર્ણાટકનું કોકડુ વધુ ગુંચવાયું



**વિશ્વાસમત વગર કાર્યવાહી મોકૂફ થઇ : ગૃહમાં રાતભર દેખાવ કરવાની ભાજપની જાહેરાત : રાજ્યપાલ વાળા વતી આદેશ કરવામાં આવ્યો હોવા છતાં સ્પીકરે કાર્યવાહી સ્થગિત કરી : કર્ણાટકમાં રાજકીય સંઘર્ષ**

નવી દિલ્હી, તા. ૧૮

કર્ણાટકમાં રાજકીય ડ્રામાનો દોર જારી છે. ગુરુવારના દિવસે વિશ્વાસમત પરીક્ષણ વગર સ્પીકર રમેશકુમારે વિધાનસભાની કાર્યવાહી સ્થગિત કરી દીધી હતી. આનો વિરોધ કરીને ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યોએ ધરણા પ્રદર્શન કરવાની જાહેરાત કરી હતી. ભાજપના ધારાસભ્યોએ માંગ કરી હતી કે, સ્પીકર રાજ્યપાલના પત્રનો જવાબ આપે અને વિશ્વાસ પ્રસ્તાવ પર મતદાન કરાવે. માંગ ન માનવાની સ્થિતિમાં ધારાસભ્યોએ રાત્રે વિધાનસભા સંકુલમાં ધરણા પર બેસવાની જાહેરાત કરી હતી. રાતભર ધરણાનો દોર ચાલશે. બીજી બાજુ કર્ણાટક સરકારના મંત્રી એમવી પાટિલ અને ડીકે શિવકુમાર ભાજપના ધારાસભ્યોના ધરણાને ખતમ કરવાના પ્રયાસમાં લાગી ગયા છે. આના ભાગરુપે ગુરુવારે મોડી રાત્રે બીએસ યેદીયુરપ્પા સહિત તમામ ધરણા ઉપર બેઠેલા ધારાસભ્યો સાથે વાતચીત કરીને વિવાદનો ઉકેલ લાવવાના પ્રયાસ કર્યા હતા. રાજ્યના મુખ્યમંત્રી કુમારસ્વામીએ આજે ગૃહમાં વિશ્વાસમત પરીક્ષણ માટે તારીખ નક્કી કરી હતી. ગુરુવારે સવારે વિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન ભાજપ અને કોંગ્રેસના સભ્યો વચ્ચે જોરદાર ચર્ચા થઈ હતી.

આ ગાળા દરમિયાન ભાજપના એક મંત્રીમંડળે રાજ્યપાલ વજુભાઈ વાળાને મળીને મામલામાં દરમિયાનગીરી કરવા અપીલ કરી હતી. તેઓએ રાજ્યપાલને અપીલ કરી હતી કે,

● અનુસંધાન પાન-૭ પર

# અયોધ્યા કેસમાં માત્ર ૩૧મી સુધી મધ્યસ્થતા

**સુપ્રીમે મધ્યસ્થતા સમિતિને ૧ ઓગસ્ટ સુધીમાં અંતિમ રિપોર્ટ સોંપવા આદેશ આપ્યો : ૨ ઓગસ્ટથી દરરોજ સુનાવણી : બીજી ઓગસ્ટથી સુપ્રીમ કોર્ટ અયોધ્યા કેસની નિયમિત સુનાવણી હાથ ધરવા અંગે નિર્ણય લેશે, ૬૯ વર્ષથી વિવાદ, ૧૧ સંયુક્ત સત્ર પછી પણ મધ્યસ્થતા નિષ્ફળ**

નવી દિલ્હી, તા. ૧૮

રાજકીયરીતે સંવેદનશીલ રામજન્મભૂમિ -બાબરી મસ્જિદ જમીન વિવાદ મામલામાં દરરોજ સુનાવણી થશે કે પછી વાતચીત મારફતે રસ્તો ખુલશે તે અંગે સુપ્રીમ કોર્ટ બીજી ઓગસ્ટના દિવસે ફેંસલો કરશે. સુપ્રીમ કોર્ટે મધ્યસ્થતા કમિટિને ૩૧મી જુલાઈ સુધી અંતિમ રિપોર્ટ જમા કરવા માટે આદેશ કરી દીધો છે. અંતિમ રિપોર્ટ મળી ગયા બાદ દરરોજ સુનાવણી કરાશે કે કેમ તે અંગે નિર્ણય લેશે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે, મધ્યસ્થતા પેનલ ૩૧મી જુલાઈ સુધી વાતચીત જારી રાખી શકે છે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં પાંચ જજની બંધારણીય બેંચ દ્વારા ૧૧મી જુલાઈના દિવસે આ અંગે રિપોર્ટ માંગ્યો હતો. સુપ્રીમ કોર્ટે આજે સુનાવણી કરતી વેળા કહ્યુ હતુ કે તેને જસ્ટીસ એફએમ કલીફુલ્લાના નેતૃત્વમાં ત્રણ સભ્યોની પેનલનો હેવાલ મળી ગયો છે. કોર્ટ દ્વારા રિપોર્ટમાં અભ્યાસની કામગીરી ચાલી રહી છે. પેનલને ૩૧મી જુલાઈ સુધી વાતચીત જારી રાખવા માટે કહેવામાં આવ્યુ છે. અત્રે નોંધનીય છે કે જટિલ મામલામાં ફેંસલાને લઈને ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે.કોર્ટે પહેલા ૨૫મી જુલાઈના દિવસે સુનાવણી કરવા માટેની તારીખ નક્કી કરી હતી. હવે કોર્ટે બીજી ઓગષ્ટના દિવસે સુનાવણી કરવાનો નિર્ણય કર્યો છે.સુપ્રીમ કોર્ટે ૧૧મી જુલાઈના દિવસે મામલાની સુનાવણી કરી હતી. એ દિવસે અયોધ્યા મામલામાં મધ્યસ્થતાની પ્રક્રિયાને

● અનુસંધાન પાન-૭ પર

## ચન્દ્રયાનને ૨૨મી જુલાઈએ લોંચ કરવા ઈસરોનો નિર્ણય

**૧૫મી જુલાઇના દિવસે ટેકનિકલ કારણોસર લોંચને રોકી દેવાતા નિરાશ ફેલાઇ હતી : ટેકનિકલ અડચણો દુર કરાઇ**



બેંગલોર,તા. ૧૮

ભારતના મહત્વકાંક્ષી લુનર મિશન ચન્દ્રયાન-૨ને હવે ૨૨મી જુલાઈના દિવસે લોંચ કરવામાં આવનાર છે. આ અંગે ઈસરો દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન દ્વારા આ અંગેની માહિતી ટ્વીટર કરીને આપી દેવામાં આવી છે. લોંચને લઈને તૈયારી ચાલી રહી હતી. હવે ૨૨મી જુલાઈના દિવસે બપોરે ૨.૪૩ વાગે મહત્વકાંક્ષી ચન્દ્રયાન-૨ને લોંચ કરવામાં આવનાર છે. ચંદ્રયાન-૨નું વચન ૩૨૯૦ કિલોગ્રામ રહેશે. કાર્યક્રમ મુજબ ચંદ્રની કક્ષામાં પ્રવેશ કર્યા બાદ તેનું ઓર્બિટર, લેન્ડરથી અલગ થઈ જશે. ત્યારબાદ લેન્ડર ચંદ્રની સપાટી ઉપર ઉતરાણ કરશે. સાઉથ પોલની જમીન ખુબ જ સોફ્ટ રહેલી છે જેથી રોવરને મુવ કરવામાં સરળતા રહેશે. રોવરમાં છ ટાયર લાગેલા છે જેનું વજન ૨૦ કિલો છે. રોવર અને ઓર્બિટરમાં અનેક સંવેદનશીલ અતિઆધુનિક સાધનો છે જેમાં કેમેરા અને સેન્સર્સ છે. રોવર પણ અતિઆધુનિક

● અનુસંધાન પાન-૭ પર

## ત્રાસવાદ સામે એરસ્ટ્રાઈક જેવા પગલા હજુય લેવાશે

નવી દિલ્હી, તા. ૧૮

સંરક્ષણ મંત્રાલય દ્વારા સાફ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે કે, જ્યાં સુધી પાકિસ્તાન ત્રાસવાદી સંગઠનો સામે વિશ્વસનીય કાર્યવાહી કરશે નહીં ત્યાં સુધી ભારત પોતાની રાષ્ટ્રીય સુરક્ષાની ખાતરી કરવા કઠોર પગલા લેતું રહેશે. સાથે સાથે આતંકવાદની સામે પ્રભાવી એક્શન લેવામાં ખચકાટ અનુભવ કરશે નહીં. એર સ્ટ્રાઈક જેવા મોટા પગલાપણ લેતા પણ ભારત ખચકાશે નહીં.

શોકાંજલિ

સ્વ. શૈલેષકુમાર મોતીભાઇ હરસિધ્ધિયા



વટવૃક્ષ સમાન વિશાળ પરિવારને સંપ,
સહકાર અને સત્યતાનો માર્ગ બતાવનાર,
જીવનની સુમધુર સુવાસ ફેલાવનાર એવા
પરોપકારી સ્વભાવ ધરાવતા આપને,
અમો કદી નહી ભૂલી શકીએ...

પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ આપે એ જ પ્રાર્થના...

સદ્‌ગતનું બેસણું
તા.૧૯-૦૭-૨૦૧૯ શુક્રવાર
તથા ૨૦-૦૭-૨૦૧૯ શનિવારે
સવારે ૦૯-૦૦ થી ૧૧-૦૦ કલાક
દરમિયાન નિવાસ સ્થાને રાખેલ છે.

મોતીભાઇ એસ. હરસિધ્ધિયા
મનિષભાઇ એમ. હરસિધ્ધિયા
રજનીકાંત એમ. હરસિધ્ધિયા
વિજય એમ. હરસિધ્ધિયા
વસંતકુમાર એ. રાઠોડ
ખોડીદાસ હાલજીભાઇ (સામાજીક કાર્યકર)

સમગ્ર હરસિધ્ધિયા પરિવાર

પ્લોટ નં. ૮૦/૨, સેક્ટર ૩/એ
વગડાવાળી માં ના મંદિર પાસે, ઘ-૧, ગાંધીનગર

ફર્મ : માર્કેટ પ્લસ ● અમદાવાદ ટૂડે ● પ્રભાત મિત્ર ● અર્થ ઇન્ટરનેશનલ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

TARAL SIR'S
IELTS
KALOL : 3rd Floor, City Mall 3, Sub Plot No. 10/11, Opp. The Mehsana Urban Co-Operative Bank
GANDHINAGAR : Uma Plus, 2nd Floor, Plot No. 1533, Nr. Apna Bazar, GH Road Sector - 6
M : 98 79 19 19 13
VADAJ - RANIP - GHATLODIA - NIKOL - KALOL - GANDHINAGAR

15 to 23, JULY
ASHRAM ROAD
SATELLITE
ALL ROADS LEAD TO
the BIG AsoPalav OFFoERSALE
RATANPOLE
NAVA VADAJ
AsoPalav® 9 Days - 4 Stores
Sarees | Chaniya Cholis | Western Wear | Accessories | Dress Materials | Men's Ethnic
Girl's Ethnic | Fine Jewellery | Salwar Kameez | Kurtas & Kurtis | Mix 'N' Match